# પેથાપુર-ફતેપુરા નજીક રીક્ષા ડ્રાઈવરનું શંકાસ્પદ મૃત્યુ

## હત્યાની આશંકા : કાનની પાછળ અને ગળાના ભાગે ઈજાના નિશાન : હાથા વગરનું સ્ક્રુ ડ્રાઈવર મળ્યુ : રાત્રે મિત્રો સાથે યુવાન દારૂ પીવા બેઠો હોવાની શક્યતા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર નજીક પેથાપુર ખાતે દિપેશ્વરી મંદિરથી ફતેપુરા તરફ જવાના કાચા માર્ગ પર આજે સવારે એક રીક્ષાચાલક યુવાનનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. મૃતક યુવાનના કાનના પાછળ અને ગળાના ભાગે ઈજાઓના નિશાન તથા રીક્ષા પાસેથી હાથા વગરનું સ્ક્રુ ડ્રાઈવર મળી આવતા હત્યાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે. રાત્રે આ યુવાન કેટલાક મિત્રો સાથે દારૂ પીવા તે જ સ્થળે બેઠો હોવાનું પણ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. પેથાપુર પોલીસે પ્રાથમિક તપાસ બાદ અકસ્માત મોતનો ગુનો નોંધી એફએસએલની મદદ લઈ તપાસ શરૂ કરી છે. મૃતકના પોસ્ટમોર્ટમમાં વિશેરા લેવામાં આવ્યા છે અને મૃત્યુનું કારણ પેન્ડીંગ રાખવામાં આવ્યું છે.



મળતી માહિતી મુજબ પેથાપુર ઠાકોર વાસમાં રહેતા ૩૦ વર્ષિય પરણીત યુવાન કરણજી તખાજી ઠાકોર રીક્ષા ચલાવી પરીવારનું ગુજરાન ચલાવતો હતો. માતા-પિતા સાથે રહેતા કરણજીના લગ્ન બાદ બે સંતાનો પણ છે. ગઈકાલે સવારે રીક્ષા લઈને વર્ધી મારવા ગયેલો કરણજી રાતભર પરત ઘરે ફર્યો ન હતો. સવારે પિતા પેથાપુરના રીક્ષાસ્ટેન્ડે દિકરાની ભાળ મેળવવા ગયા પરંતુ કોઈ સગડ મળ્યા ન હતા. દરમ્યાન નવેક વાગ્યે દિપેશ્વરી માતાજીના મંદિરથી ફતેપુરા તરફ જતા નાળીયા પર કરણજીની રીક્ષા અને તેની બાજુમાં જ તેનો મૃતદેહ પડ્યો હોવાના સમાચાર મળ્યા હતા. સ્થળ પર પોલીસ પણ પહોંચી ગઈ હતી. મૃતકના ડાબા કાનની પાછળ લોહી નીકળેલુ હતુ અને ગળાના ભાગે પણ ઈજાના નિશાન હતા. રીક્ષાની પાછળની સીટમાં ડીસમીસના ઘા મારેલા તથા કમર પટ્ટો તુટેલી હાલતમાં હતો. એક હાથરૂમાલ પણ ત્યાં પડેલો તો તે ઉપરાંત પાણીના પાઉચ તથા સોડાની બોટલ પણ ત્યાં પડેલી હતી. કરણજીએ રાત્રે દોઢેક વાગ્યે તેના એક મિત્રને દારૂ પીવા બોલાવવા ફોન પણ કર્યો હતો. ત્યાર બાદ એક યુવાને તેને રીક્ષા લઈને આ નાળીયા તરફ જતા પણ જોયો હતો. અને તેની પાછળ બે બાઈક પર ચાર શખ્સો પણ હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યુ હતુ. મિત્રો સાથે પાર્ટી કર્યા બાદ કોઈ કારણોસર હત્યા કરાઈ હોવાની પણ આશંકા છે. પેથાપુર પોલીસે મૃતદેહ પીએમ કરાવી એફએસએલ અધિકારી જી.પી. દરબારની મદદ લઈ વૈજ્ઞાનીક ઢબે તપાસ શરૂ કરી છે. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી હત્યાની શંકા ઉપર પણ તપાસ આરંભી છે. પોસ્ટમોર્ટમ બાદ તબીબે કોન્ડ ઓફ ડેથ પેન્ડીંગ રાખ્યું છે.

### ખૂણે ખાંચરેથી...

● પ્રેક્ષા ભારતી ખાતે ભાજપના નવા પ્રદેશ પ્રમુખના અભિવાદન સમારોહમાં શહેર-જિલ્લા ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

● અભિવાદન સમારોહને પગલે આજે મનપાની સ્થાયી સમિતિની બેઠક નિર્ધારિત સમય કરતાં અઢી કલાક વહેલી બોલાવવામાં આવી હતી. બપોરે ૩.૩૦ને બદલે ૧ વાગે સ્થાયી સમિતિની બેઠક મળી હતી.

● ગાંધીનગર જિલ્લામાં વરસાદની ખેડૂતો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

● ગાંધીનગરના જુના સચિવાલયમાં આવેલ સહકારી ઉપાહાર ગૃહના વેઈટર મહારાજને બપોરે રિસેષના સમયે એક પાકીટ મળતાં તેણે તેના માલિક અંકીતભાઈ જે માહિતીખાતામાં નોકરી કરે છે તેમને પરત કર્યું હતું.

● ગાંધીનગર જિલ્લામાં આવી રહેલા પર્વોની ઉજવણી માટે ગૃહીણીઓએ અત્યારથી તૈયારીઓ આરંભી છે. જો કે કંકોડા, કારેલાના ભાવમાં થોડોક ઉછાળો જોવા મળી રહ્યો છે.

● ગાંધીનગર શહેરમાં ડહોળુ પાણી હવે નગરજનોની ચિંતાનો વિષય બન્યો છે. તંત્રએ આ દિશામાં નક્કર કામગીરી કરવી જોઈએ તેવી માંગ પ્રબળ બની રહી છે.

● ગાંધીનગરમાં ફરાળી બજારમાં આ વર્ષે સારી ઘરાકી જોવા મળી રહી છે એટલુ જ નહિ પેંડામાં નવી વેરાયટીઓ આવી છે.

● ગાંધીનગર નજીક ધોળેશ્વર મહાદેવ ખાતે શ્રાવણ માસને લઈને પગે ચાલી જનારા ભક્તોની સંખ્યામાં આ વખતે વધારો જોવા મળી રહ્યો છે.

# પારદર્શક વહીવટ આપી રાજ્ય સરકાર ભ્રષ્ટાચાર સામે ખુલ્લો જંગ કરશે : રૂપાણી

ગાંધીનગર, તા. ૧૯

મુખ્યમંત્રી તરીકે મારી પાસે માત્ર એક વર્ષનો ઓછો સમય છે તેમાં ૨૦-૨૦ મેચ લડીને ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી જીતીશુ તેવો વિશ્વાસ ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વ્યક્ત કર્યો હતો.

નવ નિયુક્ત પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીના અભિવાદન સમારોહમાં કાર્યકરોને સંબોધતા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે મારી સરકાર એક નિર્ણાયક સરકાર બની પારદર્શક વહીવટ આપીને ભ્રષ્ટાચાર સામે ખુલ્લો જંગ છેડશે અને ભ્રષ્ટાચાર મુક્ત શાસન આપીશુ તેવો વિશ્વાસ આપ્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે મારી સરકાર નરેન્દ્ર મોદીએ આપેલા સૌનો સાથ સૌનો વિકાસ અને શ્રીમતી આનંદીબેન પટેલે આપેલા ગતીશીલ ગુજરાત આ બે સૂત્રો સાથે સરકાર વિકાસના કામો કરીને આગળ વધશે.

ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો કરીશ્મા જન જન સુધી હોઈ યુપીમાં ભાજપનો વિજય નિશ્ચિત છે અને ભાજપની સરકાર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.




રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે કાર્યકરોને સંબોધતા જણાવ્યું હતું કે ભાજપ સરકાર પ્રજાકીય યોજનાઓ અમલમાં મુકીને તેનો લાભ પ્રજા સુધી પહોંચાડે છે જેના કારણે લોકોને પોતાની સરકાર હોવાનો અહેસાસ થાય છે.

કોંગ્રેસ ઉપર આકરા પ્રહાર કરતાં તેમણે જણાવ્યું હતું કે મેદાન ખુલ્લુ છે. ૨૦૧૭ની ચૂંટણી માટે મેદાનમાં આવવા કોંગ્રેસને પડકાર ફેંકતા તેમણે જણાવ્યું હતું કે પ્રજા ૨૦૧૭માં ભાજપને ફરી વિજય અપાવી સત્તા પર લાવશે.

નવનિયુક્ત પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે કાર્યકરોના સાથ અને સહકારથી મને સોંપવામાં આવેલી જવાબદારી પુરી નિષ્ઠા ખંત અને પરીશ્રમથી કરીશ. પાંચ મંત્રો સાથે ભાજપના સંગઠનને પંચામૃત બનાવવા મારી કલ્પના છે એમ તેમણે જણાવ્યું હતું.

નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલનું અભિવાદન કરાયું હતું.

# ન્યુ ગાંધીનગર વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા શોભાના ગાંઠીયા સમાન

## પ્રતિક મોલની બાજુમાં એક માસથી વિજ થાંભલા તંત્ર દ્વારા ઉભા કરાયા છે

ગાંધીનગર, તા. ૧૯

સમગ્ર ગાંધીનગર શહેર લાઈટથી ઝળહળી ઉઠે છે. શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરના આંતરીક માર્ગો પર રાત્રીના સમયે સ્ટ્રીટ લાઈટનું અજવાળુ પથરાય છે. ત્યારે ન્યું ગાંધીનગર વિસ્તારમાં આવેલ કુડાસણ સ્થિત પ્રતિક મોલની બાજુમાં આવેલ માર્ગ પર છેલ્લા એક માસથી વધુના સમયથી અંધારાને ઉલેચવા માટે તંત્ર દ્વારા વિજપોલ નાંખવામાં આવ્યા છે. પરંતુ આ વિજપોલ માત્ર શોભાના ગાંઠીયા સમાન સાબિત થયા હોય તેવું નાગરીકોને લાગી રહ્યું છે. તંત્ર દ્વારા આ માર્ગ પર અજવાળુ કયારે પથરાશે તેની રાહ જોઈને સ્થાનિક નાગરીકો બેઠા છે.

ગાંધીનગર અમદાવાદ ટ્વીન સીટી બનવા તરફ જઈ રહ્યું છે. ગુજરાતના વિકાસની સાથે ગાંધીનગર શહેરે પણ વિકાસની હરણફાળ ભરતા નગર જેવડું બીજુ નગર નિર્માણ પામ્યું છે. ગાંધીનગર શહેર લાઈટીંગથી ઝળહળે છે. શહેરમાં પણ રાત્રીના સમયે પણ દિવસ જેવું અજવાળું પથરાયેલું હોય છે. ત્યારે ગાંધીનગરથી અમદાવાદ તરફ જવાના માર્ગ પર આવેલ ન્યું ગાંધીનગર કુડાસણ વિસ્તારમાં પ્રતિક મોલની બાજુમાં અનેક સોસાયટી તેમજ ફલેટ આવેલા છે જેમાં હજ્જારો નાગરીકો વસવાટ કરે છે. ઘણા સમયથી અંધકારનો સામનો કરી રહેલા નાગરીકોની વારંવારની રજુઆતથી તંત્ર દ્વારા ગુડા વિસ્તારમાં અજવાળું પથરાય તે માટે વિજપોલ ઉભા કરવામાં આવ્યા છે. ત્યારે છેલ્લા એક મહિનાથી પ્રતિક મોલ વિસ્તારમાં પણ સ્ટ્રીટલાઈટ માટે વિજથાંભલા ઉભા કરાયા છે. પરંતુ રોશની વિનાના થાંભલા માત્ર શોભાના ગાંઠીયા સમાન પુરવાર થયા છે. રાત્રીના સમયે અંધકારને પગલે આ વિસ્તારમાં અસામાજીક પ્રવૃતિઓ વકરી છે. નાગરીકોને ચોરની ભય પણ સતાવે છે ત્યારે બહેન દિકરીઓ રાત્રીના અંધકારમાં ઘરથી બહાર જવાનું પણ ટાળે છે તેવા સંજોગોમાં આ વિસ્તારમાં વિજપોલ સત્વેર તંત્ર દ્વારા શરુ કરી સમગ્ર પ્રતિક મોલ વિસ્તાર તેમજ ન્યું ગાંધીનગર વિસ્તારમાં લાઈટનું અજવાળુ પથરાય તેની રાહ નાગરીકો જોઈને બેઠા છે. આ અંગે તંત્ર સમક્ષ અનેકવાર લેખીત તેમજ મૌખીક રજુઆત પણ વસાહતીઓ કરી ચુક્યા છે.



શહેરમાં સ્ટ્રીટલાઈટના થાંભલા વિકરાળ ભાસી રહયા છે. વરસાદી દિવાસોમાં સેકટરોમાં કેટલાક વિસ્તારમાં બંધ થાંભલાઓ અજવાળુ પાથરી શકતા નથી જયારે થાંભલાના ઢાંકણ પણ ખુલ્લા હોવાના લીધે ગમે ત્યારે અકસ્માત સર્જાય તેમ છે. શહેરમાં નમી પડેલા વૃક્ષોની જેમ અમુક સ્ટ્રીટ લાઈટના પોલ્સ પણ નમી પડેલી હાલતમાં છે. સે-૨૭ ના બગીચા પાસે સ્ટ્રીટ લાઈટનો એક થાંભલો જમીનદોસ્ત થયો હતો. ત્યારે ટોરેન્ટ પાવરે આવા ભયજનક પોલ્સ અંગે સર્વે હાથ ધરી જરૂરી પગલા લેવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

## રાજપૂત સંગઠન અંગે આજે ચિંતન સભા યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેર જિલ્લાના રાજપૂત સંગઠનના હોદ્દેદારોની એક મહત્ત્વની ચિંતન શિબિર તા. ૨૦-૮-૨૦૧૬ને શનિવારે સાંજે ૬.૩૦ કલાકે રાજપૂત સમાજ ભવન ખાતે યોજાશે.

સંગઠનના પ્રખર જ્ઞાતા અને શ્રી ક્ષત્રિય યુવક સંઘના પ્રમુખ ભગવાનસિંહજી માર્ગદર્શન આપી સંગઠનને વધુ મજબુત બનાવવા પ્રેરિત કરશે.

# સે. ૨૨માં ટેલીફોન સેવાને માઠી અસર

## ટોરેન્ટ પાવર દ્વારા આડેધડ ખોદકામ કરાતા સે.૨૨ શોંપીગ વિસ્તારમાં ટેલીફોન સેવા ઠપ્પ થઈ છે

ગાંધીનગર, તા.૧૯

શહેરના સેકટર-૨૨માં ટોરેન્ટ દ્વારા નવી લાઈન નાંખવાના ચાલી રહેલા કામને પગલે ટેલીફોન સેવાના વાયરીંગને નુકશાન થતાં કેટલાક વિસ્તારની ટેલીફોન સેવાને માઠી અસર પહોંચી છે. જયારે ટોરેન્ટ પાવર દ્વારા આડેધડ ખોદકામ કરતા શોંપીગ વિસ્તારમાં આવેલ મોટાભાગના ટેલીફોન બંધ રહેતા વેપારીઓને ભારે નુકશાની વેઠવાનો વારો આવ્યો છે. ટોરેન્ટ અને બીએસએનલની વચ્ચે તાલમેલના અભાવે આ પરિસ્થિતિ ઉદભવી હોવાનો શૂર વસાહતીઓમાં ઉઠવા પામ્યો છે.

શહેરના સેકટર-૨૨ ખાતે ટોરેન્ટ પાવર દ્વારા નવી લાઈન નાંખવાની, ડીપી બદલવાની તેમજ વસાહતીઓ દ્વારા વધુ લોડ માટે અરજી કરી હોય તેવા વસાહતીઓને વધુ લોડ આપવા માટેની કામગીરી ચાલી રહી છે.પરંતુ ટોરેન્ટ દ્વારા આડેધડ ખોદકામ કરવામાં આવતા બીએસએનએલ ટેલીફોન સેવાના વાઈરીંગને નુકશાન થતા સેકટર-૨૨ શોંપીગ વિસ્તારમાં આવેલ દુકાનો તેમજ રેસીડન્ટ મકાનમાં રહેલા ટેલીફોન ઠપ થઈ જવા પામ્યા છે. સેકટરના વેપારીઓના ફોનને માઠી અસર પહોંચતા વેપારીઓને ભારે નુકશાનીનો સામનો કરવો પડ્યો છે.

છેલ્લા ઘણા દિવસથી ફોન સેવા બંધ રહેતા વસાહતીઓમાં રોષ જોવા મળ્યો છે. બીએસએનએલ તંત્ર અને ટોરેન્ટના તંત્રના તાલમેલના અભાવે ફોન હજુ સુધી કાર્યરત થઈ શકયા નથી. નાગરીકો તેમજ વેપારીઓ દ્વારા વારંવાર તંત્ર સમક્ષ રજુઆત કરવા છતા હજુ સુધી કોઈ નીવેડો આવ્યો નથી. આગામી ટુંક સમયમાં ટેલીફોન સેવા શરુ થાય તેની વેપારીઓ અને વસાહતીઓ મીટ માંડીને બેઠા છે.

## ચંદ્રાલા નજીક મહિલાના ગળામાંથી સોનાના દોરાની ચીલઝડપ

ચિલોડા-હિંમતનગર હાઈવે પર આવેલા ચંદ્રાલા ગામ નજીક ટુ-વ્હીલર પર જઈ રહેલા મહિલાના ગળામાંથી કોઈ અજાણ્યા શખ્સો સોનાના દોરાની ચીલઝડપ કરી ફરાર થઈ ગયા હતા. હાઈવે વિસ્તારમાં સોનાનો દોરો તુટતા હોહા મચી જવા પામી હતી. બનાવ અંગે ચિલોડા પોલીસમથકે ગુનો નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગર તાલુકાના જમીયતપુરા ગામે રહેતા મંજુલાબેન રામાભાઈ વાળંદ પોતાના પુત્ર હાર્દિક સાથે રક્ષાબંધન પર્વ નિમિત્તે પોતાના પિયર ચિલોડાથી ચંદ્રાલા તરફ પોતાના એક્સેસ નંબર જીજે૧૮.સી.એ.૧૨૩૩ લઈને પસાર થતા હતા તે દરમ્યાન હાઈવે પરથી પાછળથી બાઈક લઈને આવી પહોંચેલા બે શખ્સો મહિલા કંઈ પણ સમજે તે પહેલા ગળામાં પહેરેલો બે તોલાનો સોનાનો દોરો અંદાજે કિં. રૂ. ૪૫ હજારની કિંમતનો તોડી ફરાર થઈ ગયા હતા.

# ગુજરાતના હજયાત્રીઓ ૨૧મી ઓગસ્ટથી હજયાત્રાએ રવાના થશે

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતનાં ઈતિહાસમાં પ્રથમ વખત સૌથી વધુ હજયાત્રાએ જનારા ૭૫૦૦થી પણ વધારે હજયાત્રીઓના વિદાય શુભેચ્છા સમારંભમાં કેન્દ્રીયમંત્રી મુખ્તાર અબ્બાસ નકવીજી ઉપસ્થિત રહી ગુજરાતના હજયાત્રીઓને પ્રસ્થાન કરાવશે. આ પ્રસંગે રાજય ગૃહ મંત્રી પ્રદિપસિંહ જાડેજા ઉપસ્થિત રહીને હજયાત્રીઓને શુભેચ્છા પાઠવશે.

તા. ૨૧.૦૮.૨૦૧૬, રવિવારની વહેલી સવારે ૬ કલાકે અમદાવાદ સરદાર વલ્લભભભાઈ આંતરરાષ્ટ્રીય વિમાન મથકનાં હજ ટર્મીનલ-૩ ખાતે હજયાત્રી વિદાય શુભેચ્છા સમારંભ અને ભારતીય હજ ગુડવીલ મિશન-૨૦૧૬માં નાયબ અધ્યક્ષ પદે પસંદગી પામેલા ગુજરાત રાજયના હજ કમિટિના ચેરમેન પ્રિન્સિપાલ મોહમદ અલી કાદરીનો સન્માન સમારંભ, ગુજરાત રાજય હજ કમિટીના સભ્યઓને હજ ૨૦૧૫ની સુંદર કામગીરી માટે સન્માન સ્મૃતિચિન્હ આપવાનો અને ગુજરાત રાજયના હજ યાત્રીઓને હજ માટે રવાનગી કરવાનો ત્રિવિધ કાર્યક્રમ ભારત સરકારના લઘુમતિ મંત્રાલય બાબતોના કેન્દ્રીય મંત્રી મુખ્તાર અબ્બાસ નકવીજીના અધ્યક્ષ સ્થાને યોજાશે. વધુમાં હજ યાત્રી વિદાય શુભેચ્છા હજ ગુડવીલ મીશનના ગુજરાતી પ્રતિનિધિ અભિવાદન ગુજરાત હજ કમિટીના સભ્યઓને સન્માનવાના વિવિધ કાર્યક્રમમાં ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજા, લઘુમતિ વિભાગના ચેરમેનનો, વાઈસ ચેરમેનો, ગુજરાતના પ્રદેશ લઘુમતી મોરચાના પ્રભારીઓ રાજયના પ્રદેશ મહામંત્રી કે સી પટેલ, મુસ્લીમ સંસ્થાઓના મુખ્ય પ્રતિનિધિઓ અને ગુજરાત રાજય હજ કમિટિના નેજા હેઠળ સેવાકાર્ય કરતી સેવાભાવી સંસ્થાઓના કાર્યકરો ઉપસ્થિત રહેશે. હજ-૨૦૧૬ની પ્રથમ ફલાઈટના પ્રારંભ માટે સમગ્ર ગુજરાતના મુસ્લીમ સમાજમાં એક અનેરો ઉત્સાહ અને થનગનાટ જોવા મળી રહ્યો છે.

## ટ્રેનના ભાડામાં વધારો, ભાજપની અણ આવડત છે : અંકિત બારોટ

ગાંધીનગર, તા. ૧૯

આજરોજ તા. ૧૯-૮-૨૦૧૬ના રોજ મળેલી ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં સેક્ટર-૨૮ના બગીચામાં આવેલી મીનીટ્રેન અને બોટિંગમાં બમણો ભાવવધારો જીંકવામાં આવ્યો છે, જે તદ્દન ગેરવ્યાજબી છે. સેક્ટર-૨૮નો બગીચો કે જ્યાં મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગના પરિવારો ઉજાણી માટે આવતા હોય છે અને ત્યાં મહાનગરપાલિકાએ ભાવવધારો જીંકી તેમની સાથે અન્યાય કરવાનું કામ કર્યું છે. મહાનગરપાલિકા પાસે આવક ઉભી કરવાના બીજા અન્ય ઘણા સ્ત્રોત છે પરંતુ ગરીબ અને મધ્યમ વર્ગના ભોગે આવક કરવાનું આ કામ તદ્દન ખોટુ છે. આ ભાવવધારો પાછો નહિ ખેંચે તો હું ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરીશ.

તદુઉપરાંત બગીચામાં આવેલ મીનીટ્રેન મોટાભાગે બંધ હાલતમાં પડી રહી છે, મહાનગરપાલિકા દ્વારા તેના મેન્ટેનન્સનું કોઈ ધ્યાન રાખવામાં આવતું નથી, અને પ્રજા ઉપર પૈસાનું ભારણ પડે તેવા નીત નવા ગતકડા કરવામાં આવી રહ્યા છે, જેનો હું સ્પષ્ટ વિરોધ કરૂ છું.

# GST અમલ માટે ગુજરાત પૂર્ણ કટિબદ્ધ : નીતિન પટેલ

## કાયદાની અમલવારી તેમજ જનમાર્ગદર્શન માટે રાજ્યમાં સેમિનાર થશે : હેલ્થ ડેસ્કનું નિર્માણ કરાશે : નીતિન પટેલ

અમદાવાદ, તા.૧૯

નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ જણાવ્યું છે કે, ટેક્સ સંબંધી જીએસટીનો નવો કાયદો અમલમાં આવી રહ્યો છે. જેના અમલીકરણ માટે રાજય સરકાર પ્રતિબદ્ધ છે અને લોકોને માર્ગદર્શન મળી રહે તે માટે રાજયમાં હેલ્પડેસ્ક તથા વિવિધ એસોસીએશનોના માધ્યમથી સેમિનારોનું પણ આયોજન કરવામાં આવશે. આજે ગાંધીનગર ખાતે વેપાર જગતના વિવિધ એસોસીએશનોના માધ્યમથી સેમિનારોનું પણ આયોજન કરવામાં આવશે. આજે ગાંધીનગર ખાતે વેપાર જગતના વિવિધ એસોસીએશનોના જીએસટી કાયદાના અમલીકરણ અંગે મંતવ્યો સુચનો જાણવા મળેલ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ ઉમેર્યું કે, રાજયમાં જીએસટીના અમલ વખતે વેપારીઓ અને ઉદ્યોગકારોને સગવડ મળી રહે અને કાયદાનો અમલ સરળતાથી થાય તે માટે રાજયસરકાર સતત પ્રયત્નશીલ છે.

રાજયમાં કાયદાની સમજણ આપવા માટે અને નાના વેપારીઓને કાયદાની વિવિધ જોગવાઈઓના અમલીકરણ માટે જુદી જુદી જગ્યાએ હેલ્પડેસ્ક પણ ઉભા કરવામાં આવશે. રાજ્યમાં કાયદાનો સરળતાથી અમલ થાય અને લોકો વેપારીઓને કોઈ તકલીફ ન પડે તે માટે વેચાણવેરા કમિશનરના અધ્યક્ષસ્થાને વિવિધ એસોસીએશનના હોદ્દેદારોની એક કમિટીની પણ રચના કરવામાં આવશે. જેથી કરીને કાયદાના અમલીકરણમાં સરળતા રહે. આજે વિવિધ એસોસીએશનો દ્વારા જે રજુઆતો મળી છે તેનો અભ્યાસ કરીને જીએસટી કાઉન્સીલમાં આ રજુઆત કરવામાં આવશે તેવી હૈયાધારણા નાયબ મુખ્યમંત્રીએ આપી હતી. આ બેઠકમાં ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ ઈન્ડસ્ટ્રીઝના પ્રેસિડેન્ટ બિપીન પટેલ, સિનિ, વાઈસ પ્રેસીડેન્ટ શૈલેષ પટવારી સહિત અન્ય પદાધિકારીઓએ પોતાના સુચનો રજુ કર્યા હતા. આ ઉપરાંત રાજકોટ, સુરત, વડોદરાના ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ ઈન્ડસ્ટ્રીઝના રીજીયોનલ એસોસીએશનો, સીઆઈઆઈના પ્રતિનિધિઓ, ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટ ઓફ ઈન્ડિયા ઈન્સ્ટ્રીટ્યુટ ઓફ કોસ્ટ એકાઉન્ટ ઓફ ઈન્ડિયા, ઈન્સ્ટીટ્યુટ ઓપ કંપની સેક્રેટરીઝ, ગુજરાત સેલ્સટેક્સ બાર એસોસિએશનના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહી જીએસટી કાયદા અંગે પોતાના મંતવ્યો સુચનો રજુ કર્યા હતા. આ બેઠકમાં વેચાણવેરા કમિશનર પીડી વાઘેલા, નાણાં વિભાગના આર્થિક બાબતોના સચિવ મોના ખંધાર સહિત નાણાં વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહી ચર્ચા વિચારણા કરી હતી.